એસએસસી અને એનઆઈઓએસના લગભગ ચાર હજાર વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ફેસ્ટિવલના માધ્યમથી વિવિધ બોર્ડની હતી. વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક આવડતને પ્રોત્સાહન આપવું જોઈએ તેવા ધ્યેયથી જમનાબાઈ નરસી એકેડેમી કામ કરી રહી છે. આ કાસકેડના માધ્યમથી ધોરણ ૧ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મીસ અને મીસ્ટર કાસકેડનો તાજ વિજેતાને ઝેયાદખાન, હરમન બાવેજા, પૂજા ભટ્ટ અને કુનાલ કપૂરે પહેરાવ્યો હતો.

# સુંદરમ્ મલ્ટીપેપ લિ.ના ‘ઈ-ક્લાસ’ને મહારાષ્ટ્રમાં ભારે સફળતા : ‘ઈ-ક્લાસ’ અન્ય રાજ્યોમાં શરૂ કરવાની યોજના

(પ્રતિનિધિ) મુંબઈ, તા. ૧૪ : સુંદરમ્ મલ્ટીપેપ લિ. જે બીએસઈ અને એનએસઈ લિસ્ટેડ કંપની છે અને પેપર સ્ટેશનરી પ્રોડક્ટ્સમાં માર્કેટ લીડર છે, તેની સંપૂર્ણ માલિકીની સબસીડીઅરી સુંદરમ્ એડ્યુસીસ પ્રા.લિ.ને જુલાઈ ૨૦૧૦થી શરૂ કરાયેલા ‘ઈ-ક્લાસ’માં ભારે સફળતા મળતાં હવે કંપનીએ ‘ઈ-ક્લાસ’ શિક્ષણ સિસ્ટમને અન્ય રાજ્યોમાં શરૂ કરવાની યોજના હાથ ધરી છે.

અત્યારે મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડના ૮, ૯ અને ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓ માટે ભાષા સિવાયના બધા વિષયો મુવી ટાઈપ પ્રકારમાં શીખવવામાં આવે છે. ‘ઈ-ક્લાસ’ શૈક્ષણિક જ્ઞાન અત્યારે અંગ્રેજી માધ્યમ અને મરાઠી માધ્યમમાં ઉપલબ્ધ છે. હવે કંપની ટૂંક સમયમાં જ મહારાષ્ટ્રના ૫, ૬ અને ૭મા ધોરણના વિદ્યાર્થીઓ માટે ‘ઈ-ક્લાસ’ શરૂ કરશે. ચાલુ કેલેન્ડર વર્ષના અંત સુધીમાં કંપની મહારાષ્ટ્રમાં ૧ ધોરણથી ૧૦મા ધોરણ સુધીના વિદ્યાર્થીઓને આમાં આવરી લેશે.

‘ઈ-ક્લાસ’ એ આગવો ઓફફ લાઈન ઓડિયો- વિઝ્યુઅલ વપરાશકાર પ્રેમી શિક્ષણ અભિગમ છે. પેનડ્રાઈવમાં ચેપ્ટવાર- ઓજિયો વીઝ્યુઅલ- એનીમેટેડ કન્ટેન્ટ હોય છે. જે નાના મલ્ટીમીડીયા પ્લેયર ઈ-બોક્સ મારફત ટીવી પર દેખાડી શકાય છે. વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં સાચુકલા શિક્ષક દરેક વિષય શીખવે છે. મુવી જોતા હોઈએ એ રીતે ચેપ્ટર- બાય- ચેપ્ટર પ્રમાણે શીખવતા આ વિષયો ઘણા રસપ્રદ લાગે છે. સવાલજવાબ જેવા અને રીવીઝન હેતુ માટે માઈન્ડમેપ જેવા આગવા અંગો થકી ‘ઈ-ક્લાસ’ ખૂબ રસપ્રદ



બની રહે છે. આમાં ઈન્ટરનેટ કે કોમ્પ્યુટરની જરૂરત પડતી નથી. આમ છતાં ‘ઈ-ક્લાસ’ સહેલાઈથી પીસી, લેપટોપ, સ્કૂલ સરવર વગેરેમાં લોડ કરી શકાય છે.

સુંદરમ મલ્ટીપેપ લિ.ના અધ્યક્ષ અને મેનેજિંગ ડાયરેક્ટર અમૃત પી. શાહે જણાવ્યું હતું કે, આમાં ગોખણપટ્ટી કરવાને બદલે વિદ્યાર્થી અભિગમ સમજી અભ્યાસક્રમ વધુ વિગતવાર અને વધુ સારી રીતે શીખી શકે છે. શિક્ષકોની તંગીની સમસ્યા ‘ઈ-ક્લાસ’થી દૂર થઈ શકે છે. શિક્ષકો પણ અઘરા ટોપીક વીઝ્યુઅલાઈઝેશન દ્વારા વધુ સારી રીતે સમજાવી શકે છે. મનોવૈજ્ઞાનિકો કહે છે કે વાંચન કરતાં ગતિપૂર્વક સચિત્ર માહિતી જોવાથી અને સાંભળવાથી વધુ સારી રીતે યાદ રહી શકે છે. બજારમાં કોમ્પ્યુટર માટેની શૈક્ષણિક સીડીઓ ઘણી મળે છે પણ તે ‘ઈ-ક્લાસ’ની તુલનામાં આવી શકતી નથી. ‘ઈ-ક્લાસ’ સોફટવેર વૈજ્ઞાનિક ઢબે અને ઉંડા સંશોધન બાદ નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવે છે. આથી ‘ઈ-ક્લાસ’ દ્વારા શિક્ષણ સરળ અને તરત યાદ રહી જાય તેવું બની જાય છે. આથી વિદ્યાર્થીઓ પાસ થવાનું પ્રમાણ વધી જાય છે. સામે સ્કૂલ અધવચ્ચે છોડી દેનારાઓનું પ્રમાણ ઘણું ઘટી જાય છે.

‘ઈ-ક્લાસ’ વિદ્યાર્થીઓ, માબાપ, શિક્ષક, સ્કૂલ, કોચીંગ ઈન્સ્ટિટ્યુટ, કોર્પોરેટ હાઉસ, એનજીઓ અને ગામડાંના બેકાર શિક્ષિત યુવકો માટે ઘણું ઉપયોગી છે. આ સિસ્ટમની વાર્ષિક લાયસન્સ ફી આઠમા ધોરણ માટે રૂ. ૬૦૦૦, નવમા ધોરણ માટે રૂ. ૮૦૦૦ અને દસમા ધોરણ માટે રૂ. ૧૦,૦૦૦ છે. જે ખૂબ જ વ્યાજબી છે. કંપની ઈચ્છુકોને ફ્રી ડેમો આપે છે. અમૃત પી. શાહે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક સ્તરે ભારતમાં ૨૦ લાખ શિક્ષકોની ખેંચ વર્તાય છે. બીજું સ્કૂલના સ્થળથી શિક્ષકો ઘણા દૂર રહેતા હોય છે. ઘણા શિક્ષકો કોમ્પ્યુટર કે ટેક્નોલોજીથી પરિચિત હોતા નથી. આ ગાળો ‘ઈ-ક્લાસ’ સિસ્ટમથી પૂરી શકાય છે.

મહારાષ્ટ્રમાં ૧થી ૧૦મા ધોરણના ૨૨૦ લાખ વિદ્યાર્થીઓ છે. મહારાષ્ટ્રમાં ૭૮૮૨૪ પ્રાઈમરી, અપર પ્રાઈમરી અને સેકન્ડરી સ્કૂલો છે. જો કુલ વિદ્યાર્થીઓના માત્ર એક ટકા વિદ્યાર્થીઓ ‘ઈ-ક્લાસ’ ખરીદે તોય કંપનીને ૧ લાખ નંગથી વધુનું વેચાણ મળશે. ભારતમાં ૨૨ કરોડ સ્કૂલના વિદ્યાર્થીઓ છે. આથી ભવિષ્યમાં આગવી શૈક્ષણિક કન્ટેન્ટ પૂરી પાડી રાષ્ટ્રવ્યાપી અગ્રણી બની રહેવાની મોટી તક સુંદરમ મલ્ટીપેપ લિ. માટે છે. વધુ માહિતી માટે ફોન (૦૨૨) ૬૧૧૬૩૦૩૦માં સંપર્ક સાધી શકાશે.

ગુજરાતી મિત્ર- 14-9-2-10